**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૫ ટકા



# વસંતોત્સવ માણવા ઉમટતા ગ્રામજનો

ગાંધીનગર, તા.૩
શહેરની ઓળખ સમાન સંસ્કૃતિકુંજ ખાતે યોજાનાર વસંતોત્સવને પુરો થવામાં થોડા જ દિવસો બાકી છે. આમ, તો આ વર્ષે અહીં યોજાનાર કાર્યક્રમ અને સ્થળમાં ફેરફાર થયા હોવાથી શહેરીજનો નારાજ છે. પરંતુ ગાંધીનગરની આજુબાજુના ગામથી ઘણા મુલાકાતીઓ અહીં લોકમેળાને જોવા આવી રહ્યા છે.

વસંતોત્સવમાં રાત્રે યોજાતા લોકનૃત્યોને સાંજ થતા જ પૂર્ણ કરી દેવામાં આવે છે. સાથે આ વર્ષે યોજાનાર ગુજરાતી કલાકારો દ્વારા યોજાતો સંગીત કાર્યક્રમ મુલાકાતીઓ માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે ત્યારે લોકમેળામાં આટલા દિવસથી ઓછી ભીડ જોવા મળતી હતી તેમાં થોડો વધારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે આયોજકો દ્વારા ફૂડસ્ટોલ તોરણ રેસ્ટોરન્ટમાં ખોલવામાં આવ્યો છે જેની સામે લોકમેળામાં સ્ટોલની સંખ્યામાં વધારો થયો છે પરંતુ શહેરના મુલાકાતીઓની ફરિયાદ મુજબ અમુક સ્ટોલ ખાલી તો અમુક સ્ટોલ સમયસર ખુલતા ન હતા જેથી શહેરીજનોમાં નારાજગી જોવા મળી હતી. પરંતુ બપોર બાદ ગાંધીનગરની આજુબાજુના ગામથી મુલાકાતીઓ સંસ્કૃતિકુંજને પરિવાર સાથે માણવા આવતા જણાઈ રહ્યા છે તેઓમાં અહીંનો નજારો માણવાનો એક અલગ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સાથે સ્ટોલ ધારકો પણ ખુશ થયા છે. ઉલ્લેખનીય છે કે, આયોજકો દ્વારા જાહેરાત અને હોર્ડીંગ્સના માધ્યમથી વસંતોત્સવની જાણકારી આપવામાં આવી હતી તથા છેલ્લા બે દિવસથી જિલ્લાના દરેક સમાચારપત્રોમાં પેમ્ફલેટ સ્વરૂપે પણ વસંતોત્સવમાં યોજાનાર કાર્યક્રમની યાદી વિશે જાણકારી અપાઈ રહી છે. જેના લીધે પણ આજુબાજુના ગામથી મુલાકાતીઓ આવી રહ્યા હોય તેમ જણાઈ રહ્યું છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**થપ્પડ**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**ગોળ કેરી**
૯.૪૦, ૧૨.૨૦, ૩.૦૦, ૭.૫૫, ૧૦.૩૫
**કુકી** - ૫.૪૦
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૨.૫૫, ૨.૪૦, ૭.૪૫, ૧૦.૨૦
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૪૦, ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૪૫
**મલંગ** - ૯.૩૦, ૧૦.૧૫
**તાન્હાજી** - ૧૧.૫૫

**સિટી પલ્સ, કુડાસણ**
**થપ્પડ** - ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦, ૧૨.૦૦
**ગોળ કેરી**
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૭.૦૦
**ભૂત ધ હોન્ટેડ શીપ** - ૨.૪૫
**દૂરદર્શન** - ૫.૦૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૧૫

# ગાંધીનગર જિલ્લામાં ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર જિલ્લાના માણસા અને ચિલોડા પોલીસ મથકની હદમાં ચોરીના ગુનાને અંજામ આપી છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતા આરોપીને એલસીબી -૨ પોલીસે ઝડપી પાડ્યો છે. એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે હેકો. દિલિપસિંહ અનો કોન્સ્ટેબલ ભવાનસિંહનો ખાનગી રાહે આરોપી અંગે બાતમી મળી હતી જેનો પગલે પોલીસો દિનેશ દેવશીભાઈ ઠાકોર (રહે.ગોઝારીયા, મહેસાણા, હાલ - રતનાલ અંજાર)ને કચ્છ ખાતેથી પકડી પાડયો હતો. એલસીબી-૨ પોલીસે તપાસ કરતા આરોપી સામે ચિલોડા પોલીસ મથકે ૨૦૧૨ માં એક તેમજ માણસા ખાતે ૨૦૧૩માં બે ચોરીના ગુના નોંધાયેલા છે. ત્રણેય ગુનામાં આરોપી છેલ્લા કેટલાક સમયથી નાસતો ફરતો હતો.

પોલીસો આરોપીનો ચિલોડા પોલીસ મથકને સોંપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આરોપી પહેલા મહેસાણા જિલ્લામાં કેબલ ચોરીના ગુનામાં પકડાઈ ચુક્યો છે.




ગાંધીનગરમાં સેકટર-૧૭માં એકિઝબીશન સેન્ટર ખાતે ભારતીય સિરામિકસ એશિયાના એકસ્પોનું ઉદઘાટન થયુ છે. ત્રણ દિવસ ચાલનારા આ એકસ્પોમાં સિરામિક અને ઈંટ ઉદ્યોગની અત્યાધુનિક નવીનતાઓ પ્રદર્શિત કરવામાં આવી રહી છે. આ સાથે અત્રે એક જોબફેરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જે સિરામિકસ ક્ષેત્રે યુવાનોને કારકિર્દી ઘડતરની તક પુરી પાડશે. જો કે ઉલ્લેખનીય છે કે ચીનમાં કોરોના વાયરસના કહેરને પગલે આ ઉધોગ પર અત્યારે માઠી અસર પડી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## પાલજ ગામે ૯મીએ સાંજે ૬ વાગ્યે હોલીકા દહન થશે

ગાંધીનગર, તા.૩
વર્ષોથી પાલજ ગામમાં હોળીના દિવસે હોલિકા દહન સાથે હોળીનો મેળો ભરાય છે સાથે હોળીના અંગારા ઉપર ભકતો ખુલ્લા પગે ચાલે છે અને તેમની મનોકામના પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરે છે. આ વર્ષે તા. ૯ માર્ચના રોજ હોળી નિમિત્તે હોલીકા દહન સાંજે ૬ વાગ્યે કરવામાં આવશે તેમ પાલજ મહાકાલી માતા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા જણાવાયું છે.

# સેન્ચ્યુરિયન રકતદાતા સુકેતુ મહેતાએ પપમા જન્મદિને ૧૪૧મું રકતદાન કર્યું

ગાંધીનગર, તા.૩
ગાંધીનગરની ઓળખ ભલે ગુજરાતના રાજકીય પાટનગર તરીકેની હોય પરંતુ અહીંના વાતાવરણમાં



પાટનગરવાસીઓની સેવા ભાવનાની મહેક સતત અનુભવાતી રહે છે, તેમાં પણ ‘રકતદાન’ જેવી કોઈકને નવ જીવન બક્ષતી અત્યંત આવશ્યક ઉમદા સેવા પ્રવૃત્તિ શહેરમાં કદાચ અન્ય કોઈ પણ શહેર કરતાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. શહેરમાં અનોક રકતદાતાઓ ‘રકતદાન’ કરવાની સેન્ચ્યુરી ફટકારી ચુકયા છે. શહેરના આવા જ એક સેવાભાવી સેન્ચ્યુરિયન રકતદાતા સુકેતુ મહેતાનો આજે પપમો જન્મદિવસ હતો અને તેમણે પોતાનો જન્મદિવસ વધુ એક ‘રકતદાન’ કરીને ઉજવ્યો હતો અને આ વખતનું તેમનું આ રકતદાન ૧૪૧મું રકતદાન હતું. રકતદાન પ્રત્યે તેમની પ્રતિબધ્ધતા જોઈ સૌ કોઈ તેમની પ્રસંશા કરી રહ્યા છે. આજે રકતદાન દરમિયાન તેમના મિત્રોએ ઉપસ્થિત રહી તેમને બિરદાવ્યા હતા.

# ‘પહેલ-હેપ્પી પિરિયડ’ સેમિનાર થકી ધોળાકુવાની વિદ્યાર્થીનીઓને માસિક-ધર્મ અંગે માર્ગદર્શન અપાયું

## સેમિનારના સમાપને વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડ, નેપકિન, શેમ્પુ, રૂમાલ સહિતની કીટનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૩
તાજેતરમાં એક ધર્મગુરૂ દ્વારા મહિલાઓના માસિક ધર્મ બાબતે કરાયેલી ટીપ્પણીઓ તેમજ તે સંસ્થામાં વિદ્યાર્થીનીઓની આ બાબતે કરાયેલી તપાસનો કિસ્સો ખૂબ જ ચર્ચાસ્પદ બન્યો છે. આજના મોર્ડન યુગમાં પણ માસિક ધર્મ જેવી બાયોલોજીકલ પ્રક્રિયાને પણ ખોટી માન્યતાઓ સાથે સાંકળવામાં આવે છે ત્યારે ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા



આપણું ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં ધોળાકુવાની સરકારી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓને માસિક ધર્મ અંગે યોગ્ય માહિતી સાથે જાગૃતિ પુરી પાડતા કાર્યક્રમનું ઈન્ફોસ્ટ્રેચ કોર્પોરેશન કંપનીના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું.

‘પહેલ હેપ્પી-પિરિયડ’ નામથી યોજાયેલા આ સેમિનારમાં વિદ્યાર્થીનીઓને માસિક ધર્મ અંગે માર્ગદર્શન આપતા જણાવાયું હતું કે, ‘કિશોરાવસ્થામાં માસિક ધર્મ દરમિયાન સ્વચ્છ નેપકિનનો ઉપયોગ કરવામાં આવે તો અનેક રોગોથી બચી શકાય છે.’ સાથે વિદ્યાર્થીનીઓને માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા જાળવવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો અંગે માહિતગાર કરવામાં આવી હતી તથા તેમને પેડ, નેપકિન, શેમ્પુ, રૂમાલ સહિતની કીટ પણ ભેટમાં આપવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને સંસ્થાના સ્વયંસેવકોએ વિદ્યાર્થીઓને ગરબા અને ડાન્સનો આનંદ પણ કરાવ્યો હતો.

## આ કહેવાય સરકારી તંત્રની લાલિયાવાડી

ગાંધીનગર, તા.૩
‘ઘ’ રોડ પર સિવિલ હોસ્પિટલના (ઓડીટોરિયમ) ની બાજુના દરવાજા પાસે વર્ષોથી ટપાલપેટીની સગવડ કરવામાં આવેલ છે. જેનો લાભ સીવીલના દર્દીઓ, સેકટર-૧૨ના વસાહતીઓ, સહયોગના મુલાકાતીઓ લેતા હતા અને પોસ્ટ ટપાલપેટીમાં નાંખતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ ટપાલપેટી વનખાતાએ તારની ફેન્સીંગ કરી તેની જગ્યા કવર કરી લીધેલ છે પરિણામે ટપાલપેટીનો ઉપયોગ થઈ શકતો નથી. પોસ્ટખાતું પણ આ ટપાલપેટી ખસેડીને પગથી પર કે દરવાજાની નજીક ગોઠવતું નથી, બંને સરકારી તંત્રો પ્રજાની સવલતનો વિચાર કરતા નથી.

## દુઃખદ અવસાન

શહેર સ્થિત રાહુલ પાર્લર સે-૮ના માલિક જોગીન અને વિનયના માતૃશ્રી મંજુલાબેન નટવરલાલ શાહનું અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૫ માર્ચના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન સે-૧૬ સ્થિત બ્રહ્મસમાજ ભવન ખાતે રાખવામાં આવ્યું છે.

# તારા ફાઉન્ડેશન દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે વિશ્વ શ્રવણશક્તિ દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર સિવિલ કોકલીઅર ઈમ્પ્લાન્ટ સેન્ટર સાથે આરબીએસકે અંતર્ગત શાળા આરોગ્ય કાર્યક્રમ પ્રકાશિત કરી રહી છે. વિશ્વ શ્રવણશક્તિ દિનની ઉજવણી ના ભાગરૂપે ૫૦૦ બાળકોના પરિવારજનો સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમમાં એકત્ર થયા હતા. કોકલીયર ઈમ્પ્લાન્ટથી સાંભળતા અને બોલતા થયેલા ૫૦૦ બાળકોએ સાથે રાષ્ટ્રગાન ગાતા ઓડીટોરીયમાં બેઠેલ પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની ગયા હતા.

ગવર્મેન્ટ ઓફ ગુજરાત ફેમિલી વેલ્ફેરના એડિશનલ ડિરેકટર ડો. નીલમ પટેલે જણાવ્યું કે “સાંભળવાની ખોટ એ ભારતનો બીજો સૌથી સામાન્ય વિકલાંગતા છે. જો તે યોગ્ય સમયે કરવામાં આવે તો તેમાંથી મોટાભાગની સારવાર કરી શકાય છે. એક સર્વે પ્રમાણે દર હજાર નવજાત શિશુ પૈકી ચાર બાળકો ને સાંભળવાની તકલીફ હોય છે એટલેજ ભારતમાં શારીરિક દિવ્યાંગતામાં શ્રવણશક્તિની ખોડને બીજા ક્રમે રાખવામાં આવે છે. જે બાળકો જન્મ થીજ સાંભળી શકતા નથી તેના મગજ સુધી કોઈ શબ્દ જે અવાજ પહોંચવાનોજ નથી તેથી તે કઈ રીતે બોલવું તે પણ તે બાળક ને ખબર પાડવાની નથી. એટલે જે જન્મ થી સાંભળી શકતો નથી તે બોલી પણ શકતો નથી પરંતુ સમયસર સારવાર કરવામાં આવે તો આ તકલીફમાંથી બાળક ને બચાવી શકાય છે. જે માટે રાજ્ય સરકારે પહેલ કરી અને સ્કૂલ હેલ્થ અંતર્ગત






કોકલીયર ઈમ્પ્લાન્ટ નિઃશુલ્ક કરવામાં આવ્યું છે.”

ખાનગી દવાખાનામાં સાથ થી આઠ લાખના ઓપરેશન ગાંધીનગર, વડોદરા, સુરત, જામનગર, રાજકોટ, ભાવનગર ની સરકારી મેડિકલ કોલેજ માં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ મફત માં થાય છે. ત્યારે દરેક બાળક ના જન્મ વખતેજ જો તેનો હોયરિંગ ટેસ્ટ કરવામાં આવે તો તેને બહેરાશ છે કે કેમ તેનો ખ્યાલ આવી જાય અને જો બાળક બહેરું હોય તો તેને જન્મ બાદના શરૂઆત ના વર્ષો માં જ ઈમ્પ્લાન્ટ ફીટ કરવામાં આવે તો તેના રિઝલ્ટ પણ સારા મળે છે ત્યારે જાગૃતિ અર્થે ૩જી માર્ચ વિશ્વ શ્રવણશકિત દિનની ગાંધીનગરના ઓડિટોરિયમ ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર સિવિલના ઈએનટી સર્જન ડો. નીરજ સુરી એ જણાવ્યું કે “રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કલ્યાણ યોજના અંતર્ગત કરવામાં આવનાર આ ઉજવણી માં ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશના ઈમ્પ્લાન્ટથી સાંભળતા થયેલા બાળકો આવ્યા હતા અને તેઓ પોતાની આપવીતી કહેવા ઉપરાંત હનુમાન ચાલીસા પાઠ શ્લોક ગાન સંગીત વગાડવા જેવા પરફોર્મન્સ કર્યા હતા. ગાંધીનગર સિવિલમાં સફળ સર્જરી બાદ સાંભળતા થયેલા ૫૦૦ થી વધુ બાળકો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.” આ પ્રસંગે આરોગ્ય વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી જયંતિ રવિ અને આરોગ્ય કમિશનર પંકજ શિવહરે ઉપસ્થિત રહ્યા હતા.

# સમદર્શન આશ્રમમાં પૂજ્ય ગુરુમાના સત્સંગને ૨૨ વર્ષ સંપન્ન

ગાંધીનગર, તા.૩
ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં પ.પૂ.ગુરુમા સમાનંદજી સરસ્વતીના શ્રીમુખેથી યોજાતા સત્સંગને ૨૨ વર્ષ સંપન્ન થયાં છે. આ અવસરને ઉત્સવની જેમ ઉજવવામાં આવ્યો હતો. જાણીતા કવિ-લેખક અને રવિભાણ સંપ્રદાયના ગાદીપતિ ડૉ.શ્રી દલપતભાઈ પઢિયારે રવિભાણ અને ગંગાસતીના ભજનોની રસલ્હાણ કરાવી હતી. લોકશાસ્ત્રોના અભ્યાસુ અને વકતા શ્રી વી.એસ. ગઢવીએ કહ્યું હતું કે, ગુરુમાથી ગાંધીનગર રળિયાત છે અને સતત ૨૨ વર્ષના સાતત્યપૂર્ણ સત્સંગનું આ નગર પર ગુરુમાનું મોટું ઋણ છે. અનેક સ્વૈચ્છિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રણેતા શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ કહ્યું હતું કે, પૂ.ગુરુમાનું વ્યક્તિત્વ અને વક્તૃત્વ બન્ને પ્રેમાળ છે.

સેકટર-૧ સ્થિત સમદર્શન આશ્રમમાં સત્સંગના ૨૨ વર્ષ સંપન્ન થયાના અવસરે ડૉ.શ્રી દલપતભાઈ પઢિયારે કહ્યું હતું કે, ૨૨ વર્ષનું અનુષ્ઠાન ગાંધીનગરમાં ઊર્જા પાથરી રહ્યું છે. સંતોની વાણીને ગંગાના પવિત્ર પ્રવાહ સાથે સરખાવતાં તેમણે કહ્યું કે, અનેક સંતાપમાં પડેલા જગતને જીવાડવાનું કામ સંતોએ કર્યું છે. સંતોની વાણીમાં ન્હાઈને આ જગતના ઝેર ઉતર્યાં છે. વાણી અપાર છે, પાણી અપાર છે અને આપણે આ બન્નેનો દુર્વ્યય કર્યો છે. એ આપણો અપરાધ છે. તેમણે કહ્યું કે, જેને ગુરુ મળ્યા છે એને ભગવાન મળ્યા છે. જેમ કચરાના મોટા ઢગલાને સળગાવવા એક ચિનગારી પૂરતી જ એમ જન્મોજન્મના અજ્ઞાનને દૂર કરવા ગુરુની એક કૃપાદૃષ્ટિની એક ચિનગારી પૂરતી છે.

શ્રી વી.એસ.ગઢવીએ કહ્યું હતું કે, કોઈપણ નગર, રાજ્ય કે દેશનો ભૌગોલિક નકશો એક ઓળખ છે અને તે પ્રદેશમાં સંસ્થાઓ કેવી છે એની પર તેની ઓળખનો મોટો આધાર છે. ગાંધીજીને કારણે અમદાવાદ અને પોરબંદરની વિશેષ ઓળખ ઊભી થઈ. તેમણે ખુબ જ



જવાબદારીપૂર્વક અને આદર સાથે કહ્યું કે, ગાંધીનગર શહેરની ઓળખ માટે કોઈ સંસ્થાનું નામ અનિવાર્યપણે લેવું પડે તો તે સમદર્શન આશ્રમ છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે, એક નગરમાં રહેતા લોકોના બૌદ્ધિક વિકાસ માટે કોઈ વ્યવસ્થા છે કે નહીં તેના પ્રયાસો થવા જોઈએ. માણસના મનમાં પડેલી વૃત્તિઓ સજ્જનો, સંતો અને ભક્તોને દેખાય છે. કેટલાય વર્ષોના પુણ્ય કર્યા હોય તો તમને સત્સંગમાં જવાની ઈચ્છા થાય. સત્સંગ હોય તો જીવનમાં વિવેક આવે અને વિવેક આવે તો નીર-ક્ષીરતા આવે, અને જો એમ થાય તો જીવનના તણાવ ઓછા થઈ જાય.

ગાંધીનગરની અનેક સ્વૈચ્છિક, સામાજિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રણેતા શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા એ કહ્યું હતું કે, મનુષ્ય માત્ર મૂંઝાવા ટેવાયેલો છે પોતાની જાત તરફ પાછા વળવાની પ્રક્રિયા એ સત્સંગ નું પરિણામ છે. પૂજ્ય ગુરુમાને ગાંધીનગરના એક શક્તિશાળી વ્યક્તિત્વ તરીકે ઓળખાવતા તેમણે કહ્યું કે પૂજ્ય ગુરુમાએ સત્સંગના માધ્યમથી વ્યક્તિ નિર્માણ અને સંસ્કાર ઘડતરનું કામ કર્યું છે. સમદર્શન આશ્રમ એ ગાંધીનગરનું સંસ્કારધામ છે.

સમદર્શન આશ્રમમાં વર્ષોથી નિયમિત સત્સંગનો લાભ લેતા ભાવકો એ સત્સંગથી તેમના જીવનમાં થયેલા લાભો વિશે સ્વાનુભવ કથન કહ્યું હતું. સંગીતાબેન અધ્વર્યુ, કરશનભાઈ ચૌધરી, જ્યોતિબા પરમાર, મહેશભાઈ રાવલ ડૉ. અમીબેન શાહ, સુરેશભાઈ જોશી, મંજુબેન મીના, હરીશભાઈ લાખાણી, ક્રિષ્નાબેન દવે ભરતભાઈ સોની અને પરિતોષભાઈ શુક્લ એ ભાવ અભિવ્યક્તિ કરી હતી.